R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
(મો)૯૮૨૫૧૬૯૩૮૯
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 16 DATE: 20-04-19• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )
If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭



## ફ્રાંસના ૮૦૦ વર્ષ જુના કેથેડ્રલમાં લાગેલી આગમાં ચર્ચનો મોટાભાગનો હિસ્સો ભસ્મીભુત : અમુલ્ય રચનાઓ,ધાર્મિક પ્રતિકોને આગથી બચાવી લેવાયા

ફ્રાંસની રાજધાની પેરિસ સ્થિત ૮૦૦ વર્ષ જુના નોસ્ત્રાદેમસ કેથેડ્રલમાં લાગેલી ભીષણ આગમાં ચર્ચનો મોટાભાગનો હિસ્સો તબાહ થઈ ગયો હતો. પેરિસના લેન્ડમાર્ક ગણાતા આ ચર્ચમાં લાગેલી આગને કારણે સમગ્ર ફ્રાંસ અને વિશ્વને ઉંડો આઘાત લાગ્યો છે. આગમાં ચર્ચની છતને ભારે નુકશાન પહોચ્યું છે.જો કે ફાયરબ્રિગેડના જવાનો ચર્ચના ઘંટના બે ટાવર અને પથ્થરના માળખાને બચાવવામાં સફળ રહ્યા હતા.ફાટી નિકળેલી આગ ઝડપથી ફેલાઈ જતાં આખી છતમાં ફેલાઈ ગઈ હતી.જેના કારણે ચર્ચનો મુખ્ય મિનારો ધરાશયી થઈ ગયો હતો.ત્યારબાદ સમગ્ર છત સળગી ગઈ હતી.ફાયરબ્રિગેડના લાશ્કરોએ મુખ્ય બેલ ટાવરોને બચાવવા ભારે જહેમત કરવી પડી હતી.તેમણે નોત્રાદેસ્મસની અમુલ્ય રચનાઓ અને ધાર્મિક પ્રતીકોને પણ બચાવી લીધા હતા. આ આગમાં એક લાશ્કરને ગંભીર ઈજા પહોચી હતી.ફાયર બ્રિગેડના મુખ્ય વડા જિન ગેલેટે જણાવ્યુ હતું કે ચર્ચના મુખ્ય હિસ્સાને આગમથી ભસ્મ થતાં બચાવી લેવામાં આવ્યો છે.ઘણી મુલ્યવાન વસ્તુઓને ફાયરબ્રિગેડે જીવના જોખમે બચાવી લીધી છે.આ કેથેડ્રેલ પેરિસની મધ્યમાંથી વહેતી સીન નદીમાં આવેલા આઈલ લા સાઈટ ટાપુ પર આવેલું છે.

૧.ફ્રાંસનું નોસ્ત્રાદેમસ કેથેડ્રલ ૮૦૦ વર્ષ જુનું છે અને ફ્રાંસનો આત્મા ગણાય છે.૨.ઈ.સ.૧૧૬૩માં આ કેથેડ્રલનું નિર્માણ થયું હતું.૩.૨૦૦ વર્ષના નિર્માણકાર્ય બાદ ઈ.સ.૧૩૪૫માં ચર્ચ પુરુ બંધાઈ ગયું હતું.૪.ફ્રાંસના સમ્રાટ નેપોલીયને પોતાને ફ્રાંસનો સમ્રાટ જાહેર કર્યો તે નોસ્ત્રાદેમસમાં આ ચર્ચ આવેલું છે.૫.બીજા વિશ્વયુધ્ધમાં જર્મન શાસનમાંથી મુક્તિ મળી તે ૨૪ ઓગષ્ટ ૧૯૪૪ના રોજ આ ચર્ચમાં જોરદાર ઘટારવ કરી પેરિસની આઝાદીની જાહેરાત કરાઈ હતી.૬.૨૬ વર્ષ બાદ ફ્રાંસને બીજા વિશ્વયુધ્ધમાં દોરવણી આપનાર ચાર્લ્સ દ ગોલની અંતિમ વિધિ આ ચર્ચમાં કરાઈ હતી.૭.ઈસુ ખ્રિસ્તને વધસ્તંભ પર ચડાવતી વખતે પહેરાવાયેલો કાંટાનો તાજ આ ચર્ચમાં હોવાનું મનાય છે.૮.ચર્ચનો મુખ્ય મિનારો ૧૨૫૦માં ઊભો કરાયો હતો.પરંતુ ૫૦૦ વર્ષ બાદ તેને ઉતારી લેવાયો હતો.૯.૧૮૬૦માં આર્કિટેક્ટ યુની વાયોલેટ લિ ડ્યુકે આ મિનારો તૈયાર કર્યો હતો.૧૦.હોલીવુડની ઘણી ફિલ્મોના શુટિંગ આ ચર્ચમાં કરાયા હતા.૧૧.યુનેસ્કો દ્વારા આ ચર્ચને વર્લ્ડ હેરીટેજનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

## પેરીસનું વિખ્યાત ચર્ચ નોત્રે-દેમ ચર્ચ ૬ વર્ષ સુધી બંધ રહેશે

પેરિસનું વિખ્યાત નોત્રે-દેમ ચર્ચ આગમાં ખાક થયા પછી ચર્ચના રેકટરે કહ્યુ હતું કે તેઓ ચર્ચને છ વર્ષ સુધી બંધ રાખશે. બિશપ પેટ્રીક સુવેટે કહ્યુ હતું કે આ વિખ્યાત સ્મારક પાંચ-છ વર્ષ સુધી બંધ રાખવામાં આવશે.ભયાનક આગમાં આ ચર્ચનો ઐતિહાસિક ગુંબજ એ સમગ્ર છત નાશ પામ્યા છે. રેકટરે કહ્યુ હતું કે ચર્ચનો અમુક ભાગ પછી ઘણો જ નબળો પડી ગયો છે જો કે તેમણે એ ક્યો હિસ્સો તે વિશે જણાવ્યુ નહોતું.દરમિયાન આગમાં ખાક થયેલા ચર્ચના કાટમાળમાંથી ચર્ચના ગુંબજ પર મુકાયેલું કિંમતી રુસ્ટર શિલ્પ કાટમાળમાંથી મળી આવ્યું હતું. આગના કારણે તે નષ્ટ થઈ ગયું છે.

## અઝીમ પ્રેમજી યુનીવરસીટીએ કરેલા એક અભ્યાસમાં જે તારણ નીકળ્યું તે સત્તાસ્થાને બેઠેલાઓની ઉંઘ હરામ કરી દે એમ છે : નોટબંધીએ બે વર્ષમાં ૫૦ લાખ લોકોએ નોકરીઓ ગુમાવી

૮મી નવેમ્બરે ૨૦૧૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને સંબોધીને નોટબંધીની જાહેરાત કરી હતી જેના પરિણામે બે વર્ષમાં ૫૦ લાખ નોકરીઓથી લોકોને હાથ ધોવા પડ્યા હતા. બેગલુરની અઝીમ પ્રેમજી યુનીવરસીટીના સેન્ટર ફોર સસ્ટેનબલ એમ્પ્લોમેન્ટ દ્વારા પ્રસિધ્ધ સ્ટેટ ઓફ વર્કીંગ ઈન્ડીયા ૨૦૧૯માં એમ પણ જણાવાયું છે કે નોટબંધીનો સમય અને નોકરીઓ ગુમાવવામાં આવી એવું સબંધિત કારણ સ્પષ્ટપણે જોવા મળ્યું નથી. આ રિપોર્ટ અનુસાર જો મહિલાઓની નોકરીઓને ધ્યાનમાં લઈએ તો નોકરીઓ ગુમાવવાનું પ્રમાણ હજુ પણ વધુ જોવા મળી શકે છે. આ રિપોર્ટ અનુસાર નોકરીઓ ગુમાવવાની આ સ્થિતિ નોટબંધીના લીધે જ સર્જાઈ કે કેમ એ કહી શકાય તેમ નથી. પરંતુ ચોક્કસપણે ચિંતાનો વિષય જરુર છે અને આ મામલે તાત્કાલિક ધોરણે નીતિગત દરમિયાનગીરીની આવશ્યકતા છે.

આ રિપોર્ટમાં અપાયેલા મુલ્યાંકન અનુસાર સમગ્રપણે જોઈએ તો ૨૦૧૧ પછી બેરોજગારીમાં સતત વધારો થયો છે.અને બેકારોમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. આ ઉપરાંત શિક્ષિતોમાં રોજગારી વધતી જોવા પણ મળી તો ઓછા શિક્ષિતોએ નોકરીઓ ગુમાવવી પડી છે અને તેમની સામે કામની તકો સમયની સાથે ઘટવા લાગી છે.રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આ આંકડાઓ જ દર્શાવે છે કે ચુંટણીમાં શા માટે પ્રાથમિક આર્થિક મુદા તરીકે બેરોજગારીનો મુદ્દો સ્પષ્ટપણે ઉભરી આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે એક સરકારી રિપોર્ટ લીક થયો હતો જેના અનુસાર દેશમાં બેકારીનો દર ૨૦૧૭-૧૧૮માં છેલ્લા ૪૫ વર્ષમાં સૌથી વધુ રહ્યો હતો.નેશનલ સેમ્પલ સર્વે ઓફિસનો પીરીઓડિક લેબર ફોર્સ સર્વે જુલાઈ ૨૦૧૭ જુ ૨૦૧૮ દરમિયાન કરવામાં આવ્યો હતો જેના અનુસાર બેકારીનો દર દેશમાં ૬.૧ ટકા છે. અને આ દર ૧૯૭૨-૭૩થી અત્યાર સુધીમાં સૌથી વધારે છે. આ સરકારી રિપોર્ટ સરકારે જાહેર કર્યો નહોતો પરંતુ એક અંગ્રેજી અખબારને તે જોવા મળ્યો હતો. જો કે નીતિ આયોગના વાઈસ ચેરમેન રાજીવકુમારે એ સમયે કહ્યુ હતું કે આ રિપોર્ટની ચકાસણી કરવામાં આવી નથી.

## આ કેથેડ્રલનું પુનઃ નિર્માણ જ ફ્રાંસનું મુખ્ય લક્ષ્ય રહેશે અને આવનારા વર્ષોને તે મુખ્ય પ્રોજેક્ટ બની રહેશે

ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને આગની જાણ થતાં ઘટના સ્થળે દોડી ગયા હતા. તેમણે પત્રકારોને જણાવ્યુ હતું કે અમે ચર્ચને ભારે નુકશાન થતાં અટકાવી શક્યા છીએ. જો કે હજુ આગ સામેનું યુધ્ધ સંપુર્ણપણે પુરુ થયું નથી. ફ્રાંસ ચર્ચના પુનઃનિર્માણ માટેનું અભિયાન શરુ કરશે.ફ્રાંસ અને વિશ્વભરમાંથી મળનારી સહાય દ્વારા ચર્ચનું પુનઃનિર્માણ કરાશે. એ વાતમાં કોઈ શંકા નથી કે આ કેથેડ્રલનું પુનઃનિર્માણ જ ફ્રાંન્સનું મુખ્ય લક્ષ્ય રહેશે અને આવનારા વર્ષોનો તે મુખ્ય પ્રોજેકટ બની રહેશેફ્રાંસના અબજોપતિ ફ્રાન્કોઈસ હેનરી પિનોલ્ટે જણાવ્યુ હતું કે નોસ્ત્રાદેમસ ચર્ચના પુનઃનિર્માણ માટે હું અને મારો પરિવાર ૧૦૦ મીલીયન યુરો દાન કરશે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

આખરે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ચુંટણી પંચ જાગ્યું અને કેટલાક પગલાં લીધા પરંતુ તે પણ એટલા બધા અસરકારક નથી કે જેથી બધા જ પક્ષો અને તેના ઉમેદવારો ડરી જાય.ચુંટણી કમિશ્નર તરીકે ટી.એન.શેષાને જે બીક ઉભી કરી હતી તેવો ભય હજુ સુધી કોઇ ઉભો કરી શક્યું નથી. એમ કહેવાતું ચુંટણી પંચ નહોર વિનાનો વાઘ છે. પરંતુ જ્યાં સુધી તે સત્તાધારી પક્ષની સામે પુછડી પટપટાવતું રહેશે ત્યાં સુધી ચુંટણી પંચ નહોર વિનાનો વાઘ જ સાબિત થશે. કેટલાક પગલાં અસરકારક છે પરંતુ કેટલાકમાં સત્તાધારી પક્ષની ભારોભાર તરફેણ કરવામાં આવી રહી છે.ચુંટણી પંચ કાયદાનો દાવો કરીને રાષ્ટ્રપતિને પુછે અને રાષ્ટ્રપતિ કાયદા મંત્રાલયને પુછે અને પછી જે નિર્ણય આવે તે મામાના ઘેર જમણવાર, ભાણીયા જમનારા અને માં પીરસનારી જેવો ખેલ થાય છે. પરિણામે એવું સરવાળે દેખાય છે કે આખરે કુંડળીમાં ગોળ ભંગાયો. બધું ઠેરના ઠેર પડી રહે માત્ર મીડીયામાં થોડોક હોબાળો થયો અને બધું શાંત પાડી દીધું. ખરેખર ચુંટણીપંચે ઈવીએમ મશીનમાં જે હાલમાં તકલીફો પડી રહી છે તેને યોગ્ય કરવાની જરુરીયાત છે. નહિતર ચુંટણીમાં ચુંટણીપંચ અને સત્તાધારી પક્ષ બેઉની જવાબદારીમાં ખોટ દેખાતી રહેશે.નિષ્પક્ષ અને લોકશાહી રીતે થતી ચુંટણી દાગ રહિત હોવી જરુરી છે.

એકબીજા પર થતાં દોષારોપણો સત્તાના દુરપયોગો વિગેરે કોઇપણ રીતે યોગ્ય નથી.ક્યાથી આવ્યા તે જાણવા કરતાં તમારી યોગ્યતા સાબિત કરવાની જરુરીયાત છે.આ દેશ ગરીબોનો દેશ છે અને દેશની અડધીથી વધારે વસ્તી પોતાની જરુરીયાતો માટે રઝળતી રહી છે.તેથી કોઇની જાતિ કે કર્મને નિચોવ્યા વગર દેશના વિકાસ અને લોકોની જરુરીયાતોને મદદરુપ થાય તેવા નેતાઓની જરુરીયાત છે જે મતદારોએ પુરી પાડવાની છે.કોગ્રેસે ૭૦ વર્ષમાં જે નથી કર્યું તે ભાજપે છેલ્લા પાંચ વર્ષમાં કર્યું છે.ખરા ખોટાના હિસાબો માટે હવે એકબીજાને દોષિત ઠેરવવા માટેનો સમય જતો રહ્યો છે. નવી પેઢીને તેમના વિકાસ માટે કામ કરે તેવા લોકોની ,એવા નેતાઓની જરુરીયાત છે. દેશ માટે નવા પરિમાણો લાવી શકે તેને જ આ દેશની ધુરા સોપી શકાય.

મંદિર,મસ્જીદ, ગાય કે અનામતો જેવા અનેક મુદ્દાઓ દેશના મતદારોએ જોયા છે.ભુતકાળમાં ભુલો થઇ હશે તો વર્તમાન કાળમાં સુવર્ણયુગ સ્થપાયો નથી તેમાં પણ અનેક ભુલો થઇ છે.ભુતકાળના ભવ્ય ઈતિહાસમાં થઇ ગયેલા રાજકારણીઓના જેવા હાલમાં કોઇ એ સ્તરે પહોચી શકે તેમ નથી.ભલે તમે તેમના પેગડામાં પગ નાંખવાનો પ્રયત્ન કરો પરંતુ તે સિધ્ધિ તમને વરી શકશે નહી.માન.સ્વ. અટલ બિહારી બાજપાઇ જ્યારે વિપક્ષમાં હતા ત્યારે માઇલો ચાલીને તેમની સભામાં માત્ર તેમને સાંભળવા લોકો આવતા. એ જ રીતે નહેરુનું પણ ચલણ હતું.પરંતુ હાલમાં તમારે કેવી રીતે પ્રેક્ષકો અને જી હજુરીયાઓને એકઠા કરવા પડે છે તે રાજકારણીઓને ખબર છે.જાહેરસભાઓ સાચેજ નેતાઓની આબરુની પરખ હતી.અને હવે જનતા ભેગી કરવા માટે કેટલાં નાણાં ખર્ચાયા તેના પર આધારિત છે. ફરક રાજકારણીઓ અને રાજનીતિ બેઉમાં પડી ગયો છે.પણ હવે જાહેરમાં કોઇને કહેવાની હિંમત બચી નથી.આઝાદીના સીત્તેર વર્ષ બાદ મતદાર પુખ્ત બન્યો નથી.અને હજું પણ મતદારોને સીસીટીવી કેમરાને નાતે ધમકાવવામાં આવે છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

આખુ પાન રૂ.૧૦૫૦૦ અર્ધુ પાન રૂ.૫૦૦૦

૧/૪ પાન રૂ.૨૫૦૦ ૧/૮ પાન રૂ.૧૦૦૦

વાર્ષિક પેનલ રૂ.૭૨૦૦ માસિક પેનલ રૂ.૧૦૦૦

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# આખરે ઇક્વાડોરે શરણાગતિ માંગેલ જુલિયન અસાંજેને મુક્ત કરતાં તેની ધરપકડ શક્ય બની

વિકિલિક્સના સંસ્થાપક જુલિયન અંસાજેની લંડન સ્થિત ઇક્વાડોર દુતાવાસ કચેરીથી ધરપકડ કરાઇ છે. અસાંજેએ છેલ્લા સાત વર્ષથી અહીં શરણ લીધું હતું.જાતીય સતામણીના એક કેસમાં સ્વીડનમાં પ્રત્યાર્પિત થવાથી બચવા માટે અંસાજેએ દુતાવાસને પોતાનું ઠેકાણું બનાવી દીધું હતું. દક્ષિણ આફ્રિકી દેશે અસાંજેને શરણાગતિ પાછી ખેંચી લેતાં તેની ધરપકડ શક્ય બની હતી.કોર્ટમાં હાજર નહીં થવા બદલ તેમની સામે વોરંટ જારી કરવામાં આવ્યું હતું.જેને પગલે તેની ધરપકડ કરાઇ હતી. અસાંજેએ ૨૦૧૦માં મોટી સંખ્યામાં અમેરિકાના ગુપ્ત દસ્તાવેજો જાહેર કર્યા હતા.એ પછી સ્વીડને અસાંજે પરથી સેક્સ ગુનાથી જોડાયેલો કેસ હટાવી દીધો હતો.જો કે એ પછી અસાંજે દુતાવાસમાં જ રહ્યા હતા કેમકે જામીનનો કેસ ખત્મ થઇ જતાં લંડનમાં તેના પર ધરપકડની તલવાર લટકતી હતી.

છેલ્લા ૧૦ વર્ષથી તેઓ ચર્ચામાં રહ્યા છે.કેટલાક લોકો તેમને બહાદુરીભર્યુ કેરેક્ટર માને છે. તો અમેરિકા તેમને દુશ્મન માને છે.સ્વીડનમાં જાતીય હુમલા અને રેપ કેસમાં તપાસનો સામનો કરી રહેલા અસાંજેએ શરણાગતિ માંગી હતી અને તે ઇક્વાડોરના દુતાવાસમાં એક નાનકડા એપાર્ટમેન્ટમાં રહેતો હતો. જો કે તેની સામેનો ગુનો સ્વીડને છેવટે પાછો ખેંચી લીધો હતો. તેણે પોતાની સામેના આરોપો નકારી કાઢ્યા હતા અને કહ્યુ હતું કે આ તમામ આરોપો રાજકીય રીતે પ્રેરિત હતા. અસાંજેને એવી ભીતિ કાયમ રહી છે કે તેને અમેરિકાને પ્રત્યાર્પિત કરી દેવામાં આવશે. નાગરિકોના મોત, સતાવણી અને લશ્કરના છુપા ઓપરેશન્સનો ખુલાસો કરવા બદલ યુધ્ધ વિરોધી ઝુંબેશકર્તાની પ્રશંસા મેળવી હતી. ઇરાક અને અફઘાનના યુધ્ધો પર અમેરિકાના પાંચ લાખ જેટલા દસ્તાવેજો તેણે જારી કર્યા હતા. જો કે અમેરિકા અને તેના સહયોગી દેશોના સુત્રો, ઇન્ટેલિજન્સ ટેકનીક્સ અને મહત્વના માળખાગત સાઇટ્સ અંગેની માહીતી જણાવીને જીવના જોખમ સર્જવાનો તેના પર આરોપ મુક્યો છે. અમેરિકામાંથી તેને હાંકી કાઢ્યો હતો.

અસાંજેનો જન્મ ઓસ્ટ્રેલીયાના ટાઇનવિલેમાં ૩ જુલાઇ,૧૯૭૧માં થયો હતો.પોતાના બાળપણ અને જવાનીના દિવસોમાં કુલ મળીને તેણે ૩૭ સ્કુલ એટેન્ડ કરી હતી. ૧૯૯૦માં એક કોમ્પ્યુટર પ્રોગ્રામર અને સોફ્ટવેર ડેવલપર બનનાર અસાંજેએ વિકિલિસ.ઓરગે.નામની સંસ્થાની શરુઆત કરી હતી.તે



હેકીંગમાં માસ્ટર હતો.૨૦૧૦માં વિકીલીક્સે મોટી સંખ્યામાં સેનાથી જોડાયેલા અમેરિકાના ગુપ્ત દસ્તાવેજોને પબ્લીસ કર્યા હતા.

૨૦૧૬માં વિકિલીક્સે ડેમોક્રેટ હિલેરી ક્લિન્ટનની ટીમે અમેરિકી ચુંટણી અભિયાનમાં મોકલવામાં આવેલા વીસ હજાર હેક કરાયેલા ઈમેલ જાહેર કરી દીધા હતા.જો કે અસાંજેએ ઇક્વીડોરની નાગરિકતા મેળવી લીધી હતી. અસાંજેએ અનેક દેશોના ગુપ્ત દસ્તાવેજો પ્રસિધ્ધ કરીને તેની પર રશિયા સાથે કામ કરતા હોવાનો આરોપ મુકાયો હતો.છેલ્લા કેટલાક વખતમાં તેણે અમેરિકાથી જોડાયેલા દસ્તાવેજો લીક કરવાનો સીલસીલો વધારી દીધો હતો. હવે તેનું પ્રત્યાર્પણ થશે કે કેમ તે જોવાનું.

# ગૌરક્ષા અભિયાન છતાં ભારતની ગૌમાંસ નિકાસમાં ફરી વધારો થયો

ભારતની બીફ(ગૌમાંસ) નિકાસમાં વધારો જોવાયો છે.જો કે નરેન્દ્ર મોદી સરકારની ગત વર્ષની બીફ નિકાસમાં થયેલા ઘટાડાની તુલનામાં આ વધારો ઘણો મામુલી છે. એક મુખ્ય ગ્લોબલ દક્ષિણપંથી સંગઠનના એ દાવાઓ પછી પણ તેમાં કહેવામાં આવ્યું છે કે ગૌરક્ષકો અંગે બનાવાયેલા આકરા કાયદાઓ પછી પણ બીફની નિકાસમાં વધારો નોધાયો છે.ભારત દુનિયાનો સૌથી મોટો બીફ નિકાસ કરતો દેશ છે.



હ્યુમન રાઇટ્સ વોચના રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતમાં ગૌરક્ષા સમુહો દ્વારા કરાયેલા હુમલાથી ભારતની બીફ નિકાસમાં ઘટાડો જોવાયો હતો. એપીડીના ડેટા અનુસાર ૨૦૧૪માં જ્યારે મોદી સરકાર સત્તા પર આવી ત્યારથી બીફ નિકાસમાં ઘણા વધારો થયો હતો.નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ગૌમાંસની નિકાસ ૧૪૭૫૫૪૦ મેટ્રીક ટન હતી. જે ૧૦ વર્ષમાં સૌથી વધુ હતી. ૨૦૧૩-૧૪માં આ નિકાસ ૧૩૬૫૬૪૩ મેટ્રીક ટન રહી હતી.જો કે આ આંકડો આજ નાણાંકીય વર્ષોમાં ઓછો થતો ગયો અને તેમાં લગભગ ૧૧ ટકાનો ઘટાડો જોવાયો હતો.ઝડપથી ગૌમાંસની નિકાસમાં ઘટાડો મોબ લિંચિંગની પ્રથમ ઘટનાની સાથે થઇ હતી.

સપ્ટે. ૨૦૧૫માં ઉત્તરપ્રદેશમાં દાદરી જિલ્લાના બિસારા ગામમાં ગૌહત્યાની આશંકા પર ભીડે મોહમ્મદ અખલાકની હત્યા કરી નાંખી હતી. હ્યુમન રાઇટ્સ વોચના રિપોર્ટમાં જણાવાયું હતું કે ભારત દુનીયામાં સોથી મોટો બીફ નિકાસ કરતો દેશ છે.જે પ્રતિવર્ષ ૪૦૦ કરોડ અમેરિકન ડોલરનું ભેસનું માંસ નિકાસ કરે છે.૨૦૧૪માં ભાજપ સરકાર સત્તામાં આવ્યા પછી નિકાસમાં વધુ ઘટાડો થયો છે. અને ઉત્તર પ્રદેશ રાજ્યમાં ભાજપની સરકાર દ્વારા કરાયેલી કાર્યવાહીએ ટોચના માંસ(ઉત્પાદક રાજ્યમાં વ્યાપારના ભવિષ્ય અંગે અને અનિશ્ચિતતાઓને જન્મ આપ્યો છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# જીભને જીતવી એ બધી જ વસ્તુઓને જીતવા બરાબર છે

દરેક માણસને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઈશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઈન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઈએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો- આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઈ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું , એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે.અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઈને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આર્કષણ હોય તે વધારેમાં વધારે દુઃખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઈએ. સ્વાદનો આનંદ લેવો જોઈએ. આપણું પેટ કોઈ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઈ ખાઈએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઈપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણને કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે. જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઈએ તો કોઈપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અને સ્વાદને કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઈ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઈએ.કોઈપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઈએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઈશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઈચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી(સૌ.સંદેશ)

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે.આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.

ફ્રાંસમા ટુંકામાં ટુંકા નામના બે ગામો છે. એકનું નામ ઓ અને બીજાનું નામ વાય છે.

ડચ કવિ જીન ડી સાનિયલે ઝાડના થડમાં કવિતા કોતરીને લખી હતી.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



# નમો ટીવી પરથી રાજકીય કન્ટેન્ટ હટાવવા માટે ચુંટણી પંચનો આદેશ

ચુંટણી પંચે તત્કાળ અસરથી વડાપ્રધાન મોદી માટેના નમો ટીવી પરથી પ્રસારિત થતી રાજકીય કન્ટેન્ટને અટકાવી દેવાનો આદેશ કર્યો છે. જો કે આ પહેલા આ ટીવીનો ભરપુર લાભ લઈ લેવાયો છે.હવે નમો ટીવી પરથી કોઈ રાજકીય કન્ટેન્ટ જોવા નહીં મળે. પંચે કહ્યુ છે કે આ ચેનલ ભાજપ ચલાવી રહ્યું છે અને તેની સાથે એવું પણ કહ્યુ હતું કે આ ટીવી પર ચાલનારા કન્ટેન્ટ માટે અગાઉથી પરવાનો લેવામાં આવ્યો નથી. આ ચેનલ પરથી ઉપલબ્ધ કન્ટેન્ટ સંપુર્ણ રીતે રાજકીય છે અને તે આચાર સંહિતાના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. ચુંટણી પંચે સુચના આપતાં કહ્યુ છે કે આ ટીવી પર ચલાવવામાં આવનાર કોઈ પણ કન્ટેન્ટ માટે અગાઉથી મંજુરી લેવામાં આવે.

ઉલ્લેખનીય છે કે ચુંટણીથી થોડાક દિવસ અગાઉ તમામ ડીશ ટીવી પરથી નમો ટીવીનું પ્રસારણ કરવામાં આવી રહ્યુ છે. આ ટીવી પર પીએમ મોદીની રેલીઓ અને ભાષણનું ૨૪ કલાક પ્રસારણ કરવામાં આવતું હતું. પીએમ મોદી પર આધારિત ફિલ્મના પ્રદર્શનને અટકાવી દેવાની પંચે આદેશ આપ્યો છે.

ચુંટણી પંચે નમો ટીવીના પ્રસારણ પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. પંચે કહ્યુ હતું કે કોઈપણ સામગ્રી જે ચુંટણીમાં તમામ દાવેદારોને સમાન અવસર ઉપલબ્ધ કરાવવાથી મેળ ન ખાતી હોય તેનું પ્રસારણ ન કરવું જોઈએ. એવા કોઈપણ પોસ્ટર અથવા સબંધિત પ્રચાર સામગ્રી જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચુંટણીના હેતુઓને આગળ ધપાવે છે તેનો આદર્શ સંહિતાવાલા વિસ્તારોમાં ઈલેક્ટ્રોનિક મીડીયામાં પ્રસારણ ન થવી જોઈએ.

# પ્રથમ તબક્કાનું લોકસભાનું મતદાન એકંદરે છુટપુટ ઘટનાઓ બાદ આકરી ગરમીમાં પણ પત્યું

૨૦૧૯ની લોકસભાની ચુંટણીના પ્રથમ તબક્કામાં ૯૧ લોકસભાની બેઠકોનુ મતદાન પુર્ણ થયું.પ્રથમ તબક્કાનું મતદાન હિંસાપુર્ણ રહ્યું છે. એક મહિના સુધી ચાલનારા સાત તબક્કામાંથી પ્રથમ તબક્કાના મતદાનમાં અનેક સ્થળોએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનોમાં ગરબડ,મતદાર યાદીમાંથી નામો ગુમ થવા અને વ્યાપક પ્રમાણમાં હિંસાના અહેવાલોએ શાંતિપુર્ણ મતદાનની આશા ઠગારી નીવડી છે.આંધ્રપ્રદેશમાં હિંસામાં ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.૯૧ બેઠકો પર લગભગ ૬૬ ટકા સુધીનું મતદાન થયાના અહેવાલો મળી રહ્યા છે.ગરમીમાં પણ મતદારોએ ઉત્સાહ જાળવી રાખીને મતદાન કર્યું હતું.જો કે ગત વખત કરતાં આ વખતે આઠ ટકા મતદાન ઓછું થયુ હોવાની ગણતરીઓ કરાઈ છે.

ઓડીસામાં મતદારોની સલામતીના મુદ્દે સરકારનો વિશ્વાસ મતદારોને મતદાન મથકો સુધી લઈ જવા માટે સક્ષમ નીવડ્યો નથી.ઓડિશામાં ૬ બુથ એવા પણ હતા કેજ્યાં મતદાન માટે એકપણ મતદાર પહોચ્યો નહોતો. રાજ્યના ચુંટણી અધિકારીઓ જણાવે છે કે મલ્કાનગીરી જિલ્લાના ચિત્રકોડામાં છ બુથોમાં લોકો મતદાન કરવા આવ્યા જ નહોતા.નકસલીઓની બીકે લોકો મતદાન કરવા ઘરની બહાર નિકળ્યા જ નહોતા. અનેક સ્થળોએ મતદારોના નામ યાદીમાંથી ગુમ થયાની ફરિયાદ પણ ઉઠવા પામી હતી.

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

ઈટાલીમાં ૧૦ લાખ પાઉન્ડ ઝવેરાત જડેલી જમણા પગની એક મોજડી હાથ લાગી હતી.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# ગુડ ફ્રાઇડે અને ઇસ્ટર : ખ્રિસ્તીઓ માટે મહત્વનું પર્વ

ખોટાં એડ્રસથી સાવધાન રહીએ ને છેતરાઈ ના જઈએ.

૧. ભગવાન ઈસુના અનુયાયીની **ઓળખ** (આઈડેન્ટીટી) કઈ છે તે ભગવાન ઈસુના મુખેથી સાંભળવાનું જાણવાનું અને તેને આચરણમાં મૂકવા માટેનું પર્વ .ઈસુના અનુયાયી (ખ્રિસ્તી)ની ઓળખ આ છે:

**“તમે મારા શિષ્યો છો (અનુયાયીઓ, ખ્રિસ્તીઓ છો) એમ જગત તો જ જાણશે જો તમે પરસ્પર પ્રેમ રાખતા હશો.” (યોહાન ૧૩:૩૫)**તથા

૨. ઈશ્વર ક્યાં વસે છે અર્થાત તેના **ઘરનું (રેસીડેન્સનું) સાચું એડ્રસ** જાણવાનું પર્વ.

ભગવાનના ઘરનું એડ્રસ આ છે:

**“જ્યાં પ્રેમ ને રહેમ ત્યાં (જ) આપણા પ્રભુજીનો વાસ રે. બીજે ક્યાંય નહિ”**

‘‘તે વખતે જો કોઈ તમને કહે કે, ‘જુઓ, આ રહ્યા ખ્રિસ્ત’, અથવા એમ કહે કે, ‘પેલા રહ્યા ખ્રિસ્ત’ તો માનશો નહિ. ખોટા ખ્રિસ્ત અને ખોટા પયગંબરો જાગશે, અને સંભવિત હોય તો ઈશ્વરના વરેલાઓને પણ ભરમાવવા માટે પરચા અને ચમત્કારો કરી બતાવશે, પણ તમે સાવધાન રહેજો, મે તમને પહેલેથી બધી વાતે ચેતવ્યા છે.’’

## ગુડ ફ્રાઈડે ક્ષમા આપવાનો ને સુસંબંધો કેળવવાનો શુભ અવસર

મારી સમક્ષ આજે ભગવાન ઈસુના જીવનના બે પ્રસંગોનાં દૃશ્યો ખડાં થાય છે:

### પહેલું દૃશ્ય: ગિરિશૃંગ

એક પહાડ પર લોકોનું મોટું ટોળું ભગવાન ઈસુને સાંભળવા ભેગું થયું છે. ઈસુ તેમને ઉપદેશ આપતાં કહે છે:

‘‘આંખને સાટે આંખ અને દાંતને સાટે દાંત એમ કહેલું છે તે તમે જાણો છો. એથી ઊલટું, હું તમને કહું છું કે, તમારું બૂરું કરનારનો સામનો કરશો નહિ. બલકે, જો કોઈ તારા જમણા ગાલ ઉપર તમાચો મારે, તો તેની આગળ બીજો ધરવો. જો કોઈ તારા પહેરણ માટે દાવો કરવા તાકે, તો તેને તારે ડગલો સુદ્ધાં આપી દેવો. અને જે કોઈ તને એક કોસ ચાલવાની ફરજ પાડે તેની સાથે બે કોસ ચાલવા. જે કોઈ તારી પાસે માગે તેને આપ, અને જો કોઈ ઉછીનું લેવા આવે તો મોં ન ફેરવીશ.’’

‘‘તારા મિત્ર ઉપર પ્રેમ રાખ અને તારા શત્રુ ઉપર દ્વેષ રાખ એમ કહેલું છે તે તમે જાણો છો. પણ હું તમને કહું છું કે, તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુઆ માગો, તો જ તમે તમારા પરમપિતાનાં સાચાં સંતાન થઈ શકશો. તે કેવો, ભલા ને ભૂંડા સૌને સૂર્યનો પ્રકાશ આપે છે, અને પાપી અને પુણ્યશાળી સૌને માટે વરસાદ વરસાવે છે.’’

‘‘તમારા ઉપર પ્રેમ રાખે તેમના ઉપર જ તમે પ્રેમ રાખો એમાં તમે બદલો મેળવવા જેવું શું કર્યું ? એવું તો જકાતદારો પણ ક્યાં નથી કરતા? તમે ફક્ત તમારા સ્નેહસંબંધીઓને જ વંદન કરો તો એમાં તમે વિશેષ શું કર્યું ? એટલું તો વિધર્મીઓ પણ ક્યાં નથી કરતા? પણ તમારે તો તમારા પરમપિતા જેવા પૂર્ણ છે તેવા જ પૂર્ણ બનવાનું છે.’’

### બીજું દૃશ્ય: કાલવારી પહાડ ગોલગોથા

અહીં પણ લોકોનું ટોળું ભેગું થયેલું છે. એ લોકો ક્રુસારોહણ ઈસુને સાંભળવા નહિ પણ એમની ઠઠ્ઠા મશ્કરી કરવા, હાંસી ઉડાવવા ભેગા થયા છે. ભગવાન ઈસુ તેમને ઉપદેશ આપે છે. શબ્દોથી નહિ પણ એમણે અગાઉ વિરોધીઓ ને શત્રુ પર પ્રેમ રાખવાનો ને ક્ષમા આપવાનો ઉપદેશ આપ્યા હતો તેને આચરણમાં મૂકી બતાવીને. માત્ર શબ્દોથી નહિ, બોલીને નહિ પરંતુ, આચરણમાં ઉતારીને.

ભગવાન ઈસુ પોતાના દુશ્મનોને ક્ષમા આપતાં કહે છે: ‘‘હે પિતા, આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનું એમને ભાન નથી.’’

### ત્રીજું દૃશ્ય:

ક્રુસ પર જડાયેલા ઈસુ સામે જોઈને હવે હું મારું જીવન નિહાળું છું.

મારા નાના કુટુંબથી શરૂ કરીને મારું નિવાસ સ્થાન, મારું પેરીશ, મારો સમાજ, મારાં સગાંવહાલાં ને મિત્રો તથા સ્નેહીઓ, નોકરી અને કામના સ્થળે મારા સાથીકામદારો . . .

જેમની સાથે મારા સંબંધો છે, સંબંધો જાળવી રાખવા જોઈએ . . .એની યાદી તપાસી જોઉં. એમાંથી મેં, એક યા બીજા કારણે, કોઈની બાદબાકી કરી નાખી નથીને ? હવે પછી આના ઘેર નહિ જાઉં, એની સાથે નહિ બોલું, એને કંકોત્રી, નિમંત્રણ નહિ મોકલું . . .

હું બધાને માફી આપવા તૈયાર છું, પણ . . .એને તો નહિ જ.

હું બધા ગુના, બધી ભૂલો માફ કરવા તૈયાર છું પણ . . .આ ભૂલ ને આ ગુનો તો નહિ જ.

હા, એક શરતે હું એને માફ કરવા તૈયાર છું . . .

ક્રુસ પર ટીંગાયેલા ઈસુની સામે હું મીટ માંડીને જોઉં તો,

મારી આવી કોઈ દલીલ આજે કામમાં આવશે નહિ. કારણ ઈસુ બધાને, બધા જ ગુના બિનશરતે માફી આપે છે.

ભગવાન ઈસુ પાસે હું અરજ કરું કે તે મને મારા વિરોધીઓને માફ કરવા માટે હિંમત આપે.

ક્યારેય નહિ ને આજે આવા ક્ષમાવાન લોકોની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. એમની હરોળમાં જોડાવા ભગવાન ઈસુ મને પાત્ર બનાવે એવી કૃપાઓ યાચું.

## ઈસ્ટર પર્વ સ્વર્ગની વસ્તુઓ પાછળ પડો

તમને ખ્રિસ્ત સાથે સજીવન કરવામાં આવ્યા છે, એટલે જ્યાં ખ્રિસ્ત ઈશ્વરને જમણે હાથે બિરાજમાન છે તે સ્વર્ગની વસ્તુઓની પાછળ પડો, અને સ્વર્ગની વસ્તુઓમાં જ તમારું ચિત્ત પરોવો, નહિ કે પૃથ્વીની; કારણ, તમે મરી ચૂક્યા છો અને તમારું જીવન પરમેશ્વરના સાન્નિધ્યમાં ખ્રિસ્તની સાથે ગુપ્ત રહેલું છે. જ્યારે તમારા જીવનરૂપ ખ્રિસ્ત પ્રગટ થશે ત્યારે તમે પણ તેમની સાથે મહિમાપૂર્વક પ્રગટ થશો. (કોલોસ્સા ૩:૧-૪)

★ ★ ★


વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386




તમને ખબર નથી કે થોડું ખમીર બધી કણકને આથો ચડાવે છે ? જૂનું ખમીર સાફ કરી નાખો જેથી તમે નવી કણક બની શકો.ખરું જોતાં તો, તમે બેખમીર જ છો. આપણા પાસ્ખાના બલિરૂપે ખ્રિસ્ત વધેરાયા છે; તો ચાલો, આપણે જૂના ખમીરથી અર્થાત્ પાપ અને દુરાચારના ખમીરથી નહિ, પણ નિર્મળતા અને સત્યની બેખમીર રોટીથી ઉત્સવ ઉજવીએ. (૧ કોરિંથ ૫:૬-૮)

★ ★ ★

ભગવાન ઈસુએ પાપ અને દુરાચારને પરાજય આપી તેના પર વિજય મેળવ્યો છે ને એ અર્થમાં નવું જીવન(પુનરૂત્થાન) પ્રાપ્ત કર્યું છે. ઈસુએ તેમના વિજયના આપણને પણ ભાગીદાર બનાવ્યા છે.

ઈસુના પુનરૂત્થાન દ્વારા આપણે પણ નવું જીવન પ્રાપ્ત કર્યું છે ને સંત પાઉલ કહે છે તેમ હવે આપણે સ્વર્ગની વસ્તુઓની પાછળ પડવાનું છે ને સ્વર્ગની વસ્તુઓમાં જ ચિત્ત પરોવાનું છે.

આપણા રોજબરોજના જીવનમાં - આપણા વિચાર, વાણી અને વર્તનમાં - એનાં અન્યોને દર્શન થવાં જોઈએ છે. પવિત્ર ગુરુવારે ઈસુએ તેના અનુયાયીઓને - એટલે કે આપણને - જે સાચી ઓળખ આપી તે સતત યાદ રાખીએ :

**“ તમે મારા શિષ્યો છો એમ જગત તો જ જાણશે જો તમે પરસ્પર પ્રેમ કરતા હશો.”**

અને

**“જ્યાં પ્રેમ ને રહેમ ત્યાં (જ) આપણા પ્રભુજીનો વાસ રે (બીજે ક્યાંય નહિ)”.**

એટલે, હવે પછી ઈશ્વરને શોધવા ગમે ત્યાં દોડાદોડ ના કરીએ; અને

### જૂનું ખમીર એટલે શું ?

એટલે, સ્વાર્થી, સ્વકેન્દ્રી, અપ્રામાણિક, જૂના પુરાણા રિવાજોને જડ રીતે વળગી રહેવું, મનમાં ને વ્યવહારમાં અન્ય માનવબંધુ-ભગિનીઓ સાથે નાત-જાત, ધર્મ-સંપ્રદાય અને લિંગભેદ રાખવો, મહિલાઓનું ગૌરવ ના કરવું ને એનો ભંગ થતો હોય ત્યારે ચૂપ રહેવું, બીજાઓની ધાર્મિક માન્યતાઓની ઉપેક્ષા કરવી, ભૌતિક સંપદા ભેગી કરવા દિવસ રાત દોડધામ કર્યા કરવી ને એમાં જ સુખ છે, એ જ જીવનનું ધ્યેય છે એવી માન્યતા કેળવવી . . .

### નવી કણક એટલે શું ?

ઈસુ રોજ રોજ લોકોનું ભલું કરતા ફર્યા. (He went about doing good). એટલે, ઈસુની જેમ પરલક્ષી, પરમાર્થી જીવન જેમાં ગરીબો-પીડિતો-વંચિતોને સ્થાન હોય તેવું જીવન જીવવું.

(પ્રેષક:ફાધર વિલિયમ)





★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:એ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



તંત્રી: રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.